# પશુપાલન

પ્રશ્ન–૧ પશુઓનાં ગરમીમાં આવવાના કયાં–કયાં લક્ષણો હોય છે ?

જવાબ :– પશુ ગરમી કે વેતરમાં હોય ત્યારે તેના મુખ્ય ચિન્હો.

૧. ઉશ્કેરાટ, દોડાદોડી, દૂર–દૂર નજર નાખે.
૨. આરડે, ભાંભરે, બરાડે છે.
૩. ખોરાક ખાવાનુ છોડી દે છે.
૪. બીજા જાનવર ઉપર કૂદકા મારે છે.
૫. ખૂંટ કૂદે ત્યારે ઉભુ રહે છે.
૬. યોનીમાર્ગ માંથી સફેદ અને સ્વચ્છ લાળી આવે છે.
૭. થોડી–થોડી વારે પેશાબ કરે છે. વગેરે વગેરે

પ્રશ્ન–૨ ખરવા–મોવાસાનો રોગ શું છે ? ખરવા–મોવાસા અટકાવવા માટે શું કરવું જોઈએ ?

જવાબ :– ખરવા–મોવાસો એ ગાય, ભેંસ, ઘેટાં, બકરા તથા અન્ય જંગલી જાનવરોમાં થતો ખૂબજ ચેપી વિષાણું જન્ય રોગ છે. અંગ્રેજીમાં તેનો ફૂટ એન્ડ માઉથ ડિસીઝ કહેવાય છે અને ટુંકમાં એફ.એમ.ડી. તરીકે ઓળખાય છે. ગુજરાતનાં મોટા ભાગના જિલ્લાઓમાં આ રોગ દેખાય છે. તેની અસરથી આર્થિક નુકશાન ખૂબજ થાય છે. આ રોગમાં પશુઓને ખૂબજ તાવ આવે છે.

મોઢામાં અને પગની ખરીઓમાં ફોલ્લાં પડે છે અને ત્યારબાદ ચાંદા થઈ જાય છે તથા પશુ લંગડાય છે.

બિમાર પશુઓને સોડા (સોડા બાય કાર્બન) અથવા પોટેશીયમ પરમેંગેનેટ દ્રાવણથી મોંઅને ખરી દિવસમાં ત્રણેક વખત સાફ કરવી જોઈએ. ગ્લીસરીન મોંઢામાં લગાવી શકાય તથા દરેક પશુને શકય હોય તો વર્ષમાં બે વાર (ડિસેમ્બર–જુન) અથવા તો એક વખત (ડિસેમ્બર)માં રસી અવશ્ય મુકાવવી. રોગીષ્ટ પશુ અને તંદુરસ્ત પશુને અલગ રાખવા જોઈએ તથા જરૂરી યોગ્ય સારવાર પશુચિકિત્સક પાસે કરાવવી.



પ્રશ્ન–૩ સાકરડો શુંછે અને તેનાં લક્ષણો કેવા જોવા મળે છે ? સાકરડાને અટકાવવા શું કરવું જોઈએ ?

જવાબ :– સાકરડોએ "પાસ્ચ્યુરેલ્લા મલ્ટોસીડા" નામનાં જીવાણું ઓથી થતો એક ખૂબજ ઘાતક ચેપી રોગ છે. આ રોગ મુખ્યત્વે વર્ષાઋતુમાં જોવા મળે છે. પશુના શરીરનું તાપમાન (તાવ) ૧૦૬° થી ૧૦૭° ફેરન હીટ થાય છે. તેના ગળા તથા ગળાની આજૂ–બાજૂના ભાગ ઉપર સોજો આવે છે તેથી શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે. જો તાત્કાલીક સારવાર ન મળે તો જાનવર એક–બે દિવસમાં મરણ પામે છે.

સાકરડા રોગથી પીડાતા જાનવરને અન્ય જાનવરથી દૂર રાખવું જોઈએ તથા તરત જ સારવાર આપવી જોઈએ. આ રોગ થતાં અટકાવવા માટે પશુઓને એપ્રિલ–મે મહિનામાં સાકરડા વિરોધી રસી મૂકાવવી જોઈએ.



પ્રશ્ન–૪ પશુઓના રહેઠાણની સ્વચ્છતા જાળવવા શું કરવું જોઈએ.

જવાબ :– ૧. રહેઠાણમા માખી અને મચ્છરનો ઉપદ્રવ ઓછો હોવો જોઈએ.

૨. તેના ભોંયતળીયે પાણીની યોગ્ય નીકાશ થાય તે માટે ઢાળ વ્યવસ્થિત હોવા જોઈએ.

૩. રહેઠાણ નજીક ગટર વ્યવસ્થા અદ્યતન અને વ્યવસ્થિત હોવી જોઈએ જેથી પશુના મળ–મુત્રનો યોગ્ય નિકાલ કરી શકાય.

૪. પશુના રહેણાંકમાં હવા ઉજાસની વ્યવસ્થા હોવી જોઈએ વગેરે.....

પ્રશ્ન–૫ દૂધ આપતા પશુના આચળ દોહન કરતાંપહેલા ધોવા જોઈએ ? શુધ્ધ દૂધ ઉત્પાદન માટેના જરૂરી પગલાં.

જવાબ :– હા, ચોકકસ પણે આંચળ એકદમ વ્યવસ્થિત રીતે યોગ્ય કીટાણું નાશક રસાયણનો ઉપયોગ કરી જેવા કે, પોટેશીયમ પરમેંગેનેટ વાળા પાણીથી બરાબર સાફ કરી સ્વચ્છ કપડા વડે કોરા કરી પછી જ દૂધ દોહવું જોઈએ.

૧. પશુઓના રહેઠાણ સ્વચ્છ, યોગ્ય વાતાવરણ અને હવા–ઉજાસ વાળા તથા માખી, મચ્છરો જેવા જીવો તેનાં સંપર્કમાં ન આવી શકે તેવા હોવા જોઈએ.
૨. દૂધ આપતા પશુને તંદુરસ્ત રાખવુ અને સમયાંતરે તંદુરસ્તી તપાસવી.
૩. દૂધ દોહન માટેની જગ્યા અને વાસણ સ્વચ્છ રાખવા.
૪. દૂધ દોહન કરનારે પોતાની સ્વચ્છતા જાળવવી.
૫. દૂધ દોહન પહેલા દોહનારના હાથ, પશુના આઉ અને આંચળ હુફાળા એન્ટી સેપ્ટીક દ્રાવણથી ધોવા.
૬ આઉનો રોગ થયો હોય તેવા પશુને છેલ્લે અને અલગથી દોહવુ અને બગડેલ દૂધનો યોગ્ય નિકાલ કરવો.

પ્રશ્ન – ૯ ગાય–ભેંસ / પુખ્ત વયના જાનવરનો ખોરાક આહાર વ્યવસ્થા કેવી હોવી જોઈ ?

જવાબ : પુખ્ત વયના દેશી જાનવરોને સામાન્ય રીતે દર ૧૦૦ કીગ્રા. શરીરના વજન દીઠ બે થી અઢી કીગ્રા. સુકાભારની જરૂર પડે છે. જયારે સંકર ગાય તથા ભેંસોમાં અઢી થી ત્રણ કીગ્રા. સુકાભારની જરૂરીયાત રહે છે.

પુખ્ત ઉમરના દુધાળા વર્ગના ગાય–ભેંસને શરીરના નિભાવ માટે, શરીરના વિકાસ માટે અને દુધ ઉત્પાદન એમ ત્રણ બાબતો માટે ખોરાકની જરૂરીયાત રહે છે. જે ગાય ભેંસ દુધ ન આપતી હોય તથા ગાભણ ન હોય તેમને ફકત સારા ઘાસચારા ઉપર નીભાવી શકાય જો માત્ર પરાળ જ આપતા હોય તો સાથે પુરતુ દાણ આપવુ જોઈએ. પુખ્ત જાનવર ગાય કે ભેંસ માટે નીચે પ્રમાણે ખોરાકની ગણતરી કરી શકાય.

૧/૩ ભાગ દાણ + ૨/૩ ભાગ સુકો ચારો ૨/૩ ભાગ સુકો ચારો : ૨/૩ ભાગ ઘાસચારો + ૧/૩ ભાગ લીલો ચારો ( સુકોભાર) આમ, ૪૦૦ કીલોગ્રામ વજનની ગાયને આશરે ૩ કીગ્રા દાણ, ૭ કી.ગ્રા. સુકો ઘાસચારો, ૧૨ થી ૧૫ કીગ્રા લીલુ અને તેની જરૂરીયાત રહે છે. લીલો ચારો સારી ગુણવતાવાળો હોય તો દાણની માત્રા ઓછી કરી શકાય.

દુધ ઉત્પાદન આપતી ગાયો તથા ભેંસોમાં ઉપર મુજબના આહાર ઉપરાંત ભેંસોમાં એક કીગ્રા દાણ / ૨ લીટર દુધ ઉત્પાદન માટે તથા ગાયોમાં એક કીગ્રા દાણ / ૩ લીટર દુધ ઉત્પાદન માટે વધારાનુ આપવુ જોઈએ. આ ઉપરાંત ૩૦ ગ્રામ જેટલુ મીઠુ અને જરૂરીયાત મુજબનુ ખનીજક્ષાર મિશ્રણ આપવુ જોઈએ.





પ્રશ્નઃ ૭ સુવા રોગ/ દુધિયા તાવનાં લક્ષણો શું હોય છે ? પશુઓમાં સુવા રોગ/ દુધિયા તાવનાં નિયંત્રણ માટે શું કરવુ જોઈએ?

જવાબ:– સામાન્ય રીતે આ રોગ વધુ દૂધ આપતા પશુઓમાં વિયાણના બે થી ત્રણ દિવસમાં જોવા મળે છે. તે વિયાણ પહેલાં અથવા અધિકતમ ઉત્પાદન વખતે પણ થઈ શકે છે. પશુના લોહીમાં અને માંસ પેશીઓમાં કેલ્શીયમની ઊણપ આનું મુખ્ય કારણ છે.

**દુધીયા તાવનાં લક્ષણો :–**

આ રોગમાં તાવ રહેતો નથી પણ મોટે ભાગે તંદુરસ્ત પશુના તાપમાનથી રોગિષ્ટ પશુનું તાપમાન થોડુંક ઓછું થઈ જાય છે. પશુ ખાવા–પીવાનું છોડી દે છે અને તેનું શરીર ખાસ કરીને કાન, પૂંછડી, બાવલાને પગ ઠંડા પડી જાય છે. પશુ લંગડાય છે, જમીન ઉપર બેસી જાય છે અને તેની ગરદન ફેરવીને પાછલ પેટની બાજુએ કરી લે છે અથવા તો જમીન ઉપર સીધી ખેંચીને મૂકી દે છે. આ સમયે જો પશુની ગરદનને સીધી કરીએ તો છોડતાની સાથે જ પશુ એને પહેલાની જેમ કરી લે છે. પશુને શ્વાસ લેવામાં તકલીફ થાય છે.

**દુધીયા તાવનું નિયંત્રણ :–**

વિટામીન–ડીની જરૂરિયાત કુદરતી રીતે પૂરી કરવા માટે પશુને વાતાવરણ જોઈને થોડા સમય માટે દરરોજ તડકામાં રાખવું જોઈએ. વિયારણના એક મહિના અગાઉ થઈ વધારે કેલ્શીયમ તથા ફોસ્ફરસ યુકત આહાર ખવડાવવાથી આ રોગની શકયતા રહેતી નથી. સુકું ઘાસ અને કઠોળ વર્ગનો ચારો ખવડાવવાથી પણ ફાયદો થાય છે.

**ઉપચાર / ઈલાજ :–**

આ રોગમાં ગભરાવવું નહી અને તરત પશુ ચિકિત્સકની સલાહ લેવી. ઉચિત ઉપચારનો ચમત્કારિક જોવા મળે છે અને થોડો કલાકોમાંજ પશુ સ્વસ્થ થઈ જાય છે.

